## ટેમ્પો છોડાવવા નકલી દસ્તાવેજ કેસમાં 3ને 3 વર્ષની સખત કેદ

**વલસાડ** મામલતદારના દાખલા પર નવસારી કોર્ટને શંકા થતાં તપાસ થઈ અને ભોપાળું સામે આવ્યું

નવસારીઃ બનાવટી સહી-સિક્કા સાથે દસ્તાવેજ તૈયાર કરી જપ્ત કરાયેલા ટેમ્પો છોડાવવાનો કાવતરું ગૂંથનાર ત્રણ આરોપીને અદાલતે ત્રણ-ત્રણ વર્ષની સખત કેદ અને દંડની સજા ફટકારી છે. આ સમગ્ર કિસ્સો વર્ષ 2011નો છે, જ્યારે નવસારી રૂરલ પોલીસે પ્રોહિબિશનના ગુનામાં એક ટેમ્પો જપ્ત કર્યો હતો. બાદમાં આ ટેમ્પો છોડાવવા માટે મુખ્ય આરોપી તેજારામ ચૌધરીએ અદાલતમાં અરજી કરી હતી. પોતાની અરજીને મજબૂત બનાવવા માટે જામીનદાર તરીકે શંકરભાઈ પટેલને રજૂ કરવામાં આવ્યા અને વલસાડ મામલતદાર કચેરીનો હોવાનું બતાવતો 'દારપણું'નો દસ્તાવેજ કોર્ટમાં મૂકાયો. પરંતુ અદાલતની તીક્ષ્ણ નજરે આ કાગળો પર શંકા વ્યક્ત કરી અને તપાસ શરૂ કરાવવામાં આવી. તપાસમાં બહાર આવ્યું કે આ દસ્તાવેજ સંપૂર્ણપણે બનાવટી હતો. મામલતદાર કચેરીએ આવો કોઈ દાખલો આપ્યો જ નહોતો.

ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL)ના રિપોર્ટ અને હસ્તાક્ષર નિષ્ણાતોના અભિપ્રાયે પણ આ દસ્તાવેજ ખોટો હોવાનું સ્પષ્ટ કર્યું, જેના આધારે કેસ વધુ મજબૂત બન્યો. સરકારી વકીલ સ્મિતા પ્રજાપતિની દલીલો અને પુરાવાઓને ધ્યાનમાં રાખીને અદાલતે શંકરભાઈ પટેલ, ધર્મેશભાઈ હરીયાવાલા અને તેજારામ ચૌધરીને દોષિત ઠેરવ્યા હતા.

# 'ભૂલમાં ગ્રુપમાંથી નીકળી ગયો છું'ના બહાને મહિલાની ડિજિટલ દુનિયા હેક

**OTP આપતા** નવસારીની મહિલાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર મદદના નામે ઓળખીતાઓ પાસે નાણાં મંગાયાં



નવસારીઃ શહેરમાં સાયબર ઠગોએ હવે ઠગાઈના નવા અને વધુ ચતુર રસ્તા અપનાવ્યા છે. એક સાદા લાગતા બહાનાથી મહિલાની આખી ડિજિટલ ઓળખ કબજે કરવાની ઘટના સામે આવતા ચકચાર મચી ગઈ છે. "માત્ર એક OTP"ની બેદરકારી કેવી રીતે મોટું જોખમ બની શકે તેનો આ ચોંકાવનારો દાખલો છે.

તાશ્કંદનગર વિસ્તારમાં બનેલી આ ઘટનામાં એક અજાણ્યા શખ્સે મહિલાને ફોન કરી જણાવ્યું કે તે 'તુલસી નાઈટવેર' નામના વોટ્સએપ ગ્રુપમાંથી ભૂલથી રિમૂવ થઈ ગયો છે અને ફરી જોડાવા માટે મદદ જોઈએ છે. વિશ્વાસ જીતવા માટે સામાન્ય વાતચીત કર્યા બાદ તેણે OTP માંગ્યો–અને અહીં જ બની ગઈ મોટી ભૂલ. મહિલાએ અજાણતાં OTP આપી દીધો અને ઠગબાજને મળ્યો સીધો પ્રવેશ.

થોડા જ મિનિટોમાં મહિલાનું વોટ્સએપ એકાઉન્ટ કબજે થયું અને ત્યારબાદ Facebook તથા Instagram એકાઉન્ટ્સ પણ હેક કરી લેવામાં આવ્યા. આરોપીએ મહિલાના પ્રોફાઈલ ફોટો અને ઓળખનો દુરુપયોગ કરી તેના સગા-સંબંધીઓ અને ઓળખીતાઓને મેસેજ મોકલી નાણાં માંગવાની શરૂઆત કરી. "જરૂરી મદદ"ના નામે પૈસા પડાવવા માટે વિશ્વાસનો જ હથિયાર બનાવાયો.

આ બનાવે માત્ર આર્થિક નહીં પરંતુ સામાજિક રીતે પણ પરિવારને મુશ્કેલીમાં મૂકી દીધો છે. પોતાની ઓળખ જ કોઈ બીજાના હાથમાં જતાં કેવી સ્થિતિ સર્જાય છે તેનું આ જીવંત ઉદાહરણ છે. ઘટનાની જાણ થતાં નવસારી ટાઉન પોલીસે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે અને આરોપીની શોધખોળ ચાલુ છે.

## ચીખલી તાલુકામાં સંતાકૂકડી રમાડવાના બહાને સગીરાની છેડતી

**કપડાં** ઊતરાવી લેતાં સગીરાએ બૂમાબૂમ કરી તો જાનથી મારી નાંખવાની ધમકી આપી, નરાધમની ધરપકડ

ઘેજ: ચીખલી તાલુકાના એક ગામની સગીરાને સંતાકુકડી રમવાના બહાને લઇ જઇ નરાધમે જબરદસ્તી કરતાં પોલીસે આરોપીની ધરપકડ કરી પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બનાવની પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી અનુસાર ચીખલી તાલુકાના નજીકના એક ગામની સગીરા બુધરવારની સાંજના સમયે રમી રહી હતી.દરમ્યાન એજ મહોલ્લામાં રહેતા રાજુ નામના શખ્સની નજર બગડતા રમી રહેલી સગીરાને સંતાકુકડી રમવાના બહાને ઘરની થોડે આગળ આવેલા લાકડાના કુચાની ફેક્ટરી પાસે લઈ જઇ સગીરાના કપડા ઉતારી દઈ તેની સાથે જબરદસ્તી કરતાં બૂમાબૂમ કરતાં જો તું ઘરે જઈને કોઈને કહીશ તો તને તેમજ તારી માતાને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. દરમ્યાન સગીરા ત્યાંથી નીકળી જઇ રડતી રડતી ઘરે આવતા સમગ્ર બાબતે માતાએ પૂછપરછ કરી ત્યારે મહોલ્લાના રાજુએ જબરદસ્તી કરી હોવાનું જણાયું હતું. સગીરાની માતાની ફરિયાદમાં પોલીસે રાજુ ઉર્ફે રાજ ગિરપ્પા તેલંગી (રહે.,ચીખલી તા.ચીખલી)ની ધરપકડ કરી પોક્સોનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે

**ચીખલી સહિતના વિસ્તારોના કરોડોનાં વિકાસ કામો પર બ્રેક લાગી શકે**

# યુદ્ધની અસર: ડામર, એલઓડીના ભાવ આસમાને, સપ્લાય પર અસર

**ક્રૂડ** ઓઈલ સંબંધિત વ્યવસાયો પર માઠી અસર

**ડામરમાં** 20 હજારનો વધારો, એલઓડીના 1.70 લાખ થઈ ગયા

**ક્વોરીના** બ્લાસ્ટિંગ માટે વપરાતા એક્સપ્લોઝિવના ભાવ પણ વધી ગયા

ઘેજ: અખાતી દેશોમાં યુદ્ધની સ્થિતિ વચ્ચે ક્વોરી ઉદ્યોગમાં વપરાતા એક્સપ્લોઝીવના ઉપરાંત ડામર અને એલડીઓના ભાવમાં વધારો થવા સાથે સપ્લાયને પણ અસર થતાં ચીખલી તાલુકામાં વિકાસના કામો પ્રભાવિત થવાના એંધાણ વર્તાય રહ્યા છે. બીજી તરફ ખનિજના માલ સામાનના ભાવમાં વધારો ઝીંકવાના એંધાણ વર્તાય રહ્યા છે.


ચીખલી તાલુકામાં મોટાપાયે ક્વોરી ઉદ્યોગ ધમધમવા સાથે વિવિધ એજન્સીઓના ડામર પ્લાન્ટો પણ કાર્યરત છે અને હાલ સમગ્ર વિસ્તારમાં કરોડો રૂપિયાના વિકાસના કામો ચાલી રહ્યા છે. બીજી તરફ યુદ્ધને પગલે દિવસે-દિવસે ખાસ કરીને ક્રૂડ ઓઇલ સબંધિત વ્યવસાયો પર માઠી અસર થઈ રહી છે.

અખાતી દેશોમાં યુદ્ધની સ્થિતિ વચ્ચે ડામરના ટનદીઠ ભાવમાં વીસ હજાર રૂપિયાની આસપાસનો વધારો થવા પામ્યો હોવાનું જ્યારે ડામરને ગરમ કરવા માટે વપરાતા એલડીઓનો ભાવ કે જેના જાન્યુઆરી માસમાં ટનદીઠ ૪૨,૦૦૦ હજાર તે હાલે ૧,૭૦,૦૦૦ રૂપિયા પર પહોંચી ગયો હોવાનું જાણવા મળ્યું છે. બીજી તરફ ડામરના સપ્લાયમાં પણ તકલીફ ઊભી થવા પામી છે. હાલની સ્થિતિમાં ક્રેડિટ ન મળવા સાથે એડવાન્સ પેમેન્ટ ચૂકવવાની નોબત આવી છે.

ઉપરોક્ત સ્થિતિમાં મોટી એજન્સીઓ અને કોન્ટ્રાક્ટરો કફોડી સ્થિતિમાં મુકાયા છે. ત્યારે હવે ચીખલી સહિત સમગ્ર જિલ્લામાં ચાલતા સરકારના કરોડો રૂપિયાના વિકાસના કામોને પણ બ્રેક લાગી જાય તો નવાઈ નહીં.

અખાતી દેશોમાં યુદ્ધ વચ્ચે ક્વોરી ઉદ્યોગમાં બ્લાસ્ટિંગ માટે વપરાતા એક્સપ્લોઝીવનો ભાવ બોક્સ દીઠ ૪૨૫થી ૪૫૦ રૂપિયા અને કેપમાં પણ દસ રૂપિયાનો વધારો થતાં આગામી દિવસોમાં ખનિજના કપચી, મેટલ, આર્ટિફિશિયલ રેતી સહિતના ઉત્પાદનોના ભાવોમાં પણ વધારો થવાના એંધાણ વર્તાય રહ્યા છે. ત્યારે લોકોએ મોંઘવારીનો માર વેઠવાની નોબત આવે તો નવાઈ નહીં.

## ચીખલીના ટાંકલ ગામે એક જ રાત્રે ચાર દુકાનનાં તાળાં તૂટ્યાં



ધર્મેશ પટેલ

**ચોરીની** ઘટના સીસીટીવીમાં કેદ, ઓળખ ન થાય તે માટે ચહેરા ઢાંકી દીધા

ઘેજઃ ચીખલી તાલુકાના ટાંકલ ગામમાં બુધવારની રાત્રિના સમયે તસ્કરોએ એક પછી એક ચાર દુકાનોના તાળા તોડતા પોલીસ પેટ્રોલિંગ સામે અનેક સવાલો ઊભા થવા પામ્યા છે.

વાહન વ્યવહારથી સતત ધમધમતા ચીખલી તાલુકાના ટાંકલ ગામના મુખ્ય માર્ગ ઉપર આવેલ હિન્દુસ્તાન સીરામીક, વિશ્વકર્મા ફર્નિચર, સાંઈ ટ્રેડર્સ તેમજ અન્ય બે જેટલી દુકનોના તસ્કરોએ દુકાનના શટર અને તાળા તોડી દુકાનમાં પ્રવેશ કરી રોકડ રકમ તેમજ ચીજ વસ્તુઓની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ચોરીની ઘટના સીસીટીવીમાં કેદ થવા પામી હતી. એક સાથે ચાર દુકાનના તાળા તૂટતા સમગ્ર પંથકમાં ભયનો માહોલ ફેલાઈ જવા પામ્યો છે. વધુમાં મોડી સાંજ સુધી પોલીસમથકમાં આ અંગે કોઈ ફરિયાદ નોંધાવા પામી ન હતી.

સીસીટીવીમાં દેખાતા અજાણ્યા ઈસમોએ પોતાની ઓળખ ન થાય તે માટે પોતાના મોંઢા ઢાંકી દીધા હતા. ચોરીની ઘટનાને પગલે વિસ્તારમાં ભયનો માહોલ ઊભો થયો છે.

## બીલીમોરા પાલિકાની ૮૩.૩૭ ટકા વેરા વસૂલાત

બીલીમોરાઃ બીલીમોરા નગરપાલિકા દ્વારા ચાલુ વર્ષના કુલ રૂ.૪.૧૮ કરોડના વેરા માંગણા સામે રૂ.૩.૪૮ કરોડની વસૂલાત કરવામાં આવી છે, જે કુલ ૮૩.૩૭ ટકા જેટલી થાય છે. જોકે, પાછલા વર્ષોના બાકી વેરાની વસૂલાતમાં જોઈએ તેવી સફળતા મળી નથી; જેમાં રૂ. ૨.૪૮ કરોડના લેણાં સામે માત્ર રૂ.૭૮.૨૦ લાખ (૩૧.૪૫ ટકા) ની જ વસૂલાત થઈ શકી છે. આ કામગીરી પાલિકા પ્રમુખ મનીષ પટેલ, કારોબારી ચેરમેન પ્રજ્ઞેશ પટેલ અને ચીફ ઓફિસર સંદીપ પટેલના માર્ગદર્શન હેઠળ અલગ-અલગ ટીમો બનાવીને સઘન પ્રયાસો દ્વારા કરવામાં આવી હતી.નગરપાલિકાના આંકડા મુજબ, બીલીમોરા શહેરમાં કુલ ૧૭,૪૭૦ મિલકતો આવેલી છે, જેમાં ૧૪,૨૧૧ રહેણાંક અને ૩૨૫૯ વ્યાવસાયિક મિલકતોનો સમાવેશ થાય છે. આ વર્ષે વેરા ભરપાઈ કરવા માટે કોઈ વિશેષ આકર્ષક યોજનાઓ કે વળતર જાહેર કરવામાં ન આવતા કરદાતાઓમાં થોડી ઉદાસીનતા જોવા મળી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### ડાંગ જિલ્લાના વાતાવરણમાં પલટો, આકાશમાં વાદળો છવાયાં



ગિરીશ ભોયે

સાપુતારાઃ ડાંગ જિલ્લામાં આજે વાતાવરણમાં અચાનક પલટો જોવા મળ્યો છે. એપ્રિલ મહિનાની આકરી ગરમી વચ્ચે આહવા, વઘઈ અને પ્રસિદ્ધ ગિરિમથક સાપુતારા સહિતના વિસ્તારોમાં સવારથી જ આકાશ કાળા ડિબાંગ વાદળોથી ઘેરાયેલું રહ્યું હતું. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે સર્જાયેલા આ વાદળછાયા વાતાવરણને લીધે ગરમીના પારામાં ઘટાડો નોંધાયો છે અને સમગ્ર પંથકમાં ઠંડક પ્રસરી છે. સાપુતારામાં વાદળછાયા વાતાવરણ સાથે પવન ફૂંકાવવાને કારણે પર્યટકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. જોકે, બીજી તરફ કમોસમી વરસાદની (માવઠાની) શક્યતાને પગલે સ્થાનિક ખેડૂતોમાં ચિંતા પણ જોવા મળી રહી છે. હાલમાં ડાંગના ડુંગરાળ વિસ્તારોમાં ધુમ્મસભર્યું અને વાદળછાયું વાતાવરણ જામ્યું છે, આગામી ૨૪ કલાક દરમિયાન જિલ્લામાં હળવા વરસાદી ઝાપટાં પડવાની પણ સંભાવના છે. ડાંગ જિલ્લાનાં વાતાવરણમાં અચાનક પલટાનાં કારણે ભારે પવન ફૂંકાતા આંબાનાં પાકને જંગી નુકસાન થવા પામ્યુ છે.

### કપરાડા તાલુકામાં ત્રણ મહિલા RFOની નિમણૂક

ધરમપુરઃ રાજ્યના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા મોટા પાયે વન અધિકારીઓની કરેલી બદલીઓમાં નવનિર્મિત નાનાપોંઢા તાલુકાના નાનાપોંઢા રેંજના RFOની ખાલી જગ્યા ઉપર જીતેન્દ્ર એસ.ભેડા, કપરાડા રેંજના RFO. અંકિત પટેલની વલસાડ બદલી બાદ તેમના સ્થાને જિગર વસંત ટંડેલ, ફતેપુર રેન્જના RFO કૌશિક પટેલની બદલી બાદ તેમના સ્થાને મનીષાબેન પરમાર, લવકર RFOની ખાલી જગ્યા ઉપર કલ્યાણીબેન ચૌધરી, ધરમપુર સામાજિક વનીકરણ RFO પ્રતિભા મંછુ ધૂમનો સમાવેશ થાય છે. આમ ધરમપુર કપરાડા તાલુકાઓમાં વન અધિકારી તરીકે ત્રણ મહિલા અધિકારીઓની નિયુક્તિ કરવામાં આવી છે.

### ભરૂચમાં બાઈક ચોરી કરનાર વાપીમાં ઝડપાયો

વાપીઃ વાપી વિસ્તારમાં એસઓજી ટીમે બાતમીના આધારે વાપી નજીકના છીરી ગાલામસાલા, મન્સુર ગોડાઉનની સામેથી બાઇક સાથે શંકાસ્પદ ઈસમની અટક કરી હતી. નામઠામ પૂછતા આરીફખાન સમીઉલ્લા ખાન (ઉં.વ.27, રહે., છીરી, ગાલામસાલા, વાપી, મૂળ યુપી) હોવાનું જણાવ્યું હતું. જે બાદ તેને વાપી ડુંગરા પોલીસમથકે સોંપ્યો હતો જયાં તેણે બાઈક ચોરીની કબૂલાત કરી હતી. આ અંગે ભરૂચ જીલ્લા બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં બાઈક ચોરીનો ગુનો નોંધાયેલો હતો જે ઉકેલી કાઢ્યો હતો.

### નવસારીને 'પ્લાસ્ટિક મુક્ત' બનાવવા પાલિકાનું અભિયાન



નવસારીઃ શહેરને સ્વચ્છ અને હરિયાળું બનાવવા માટે નવસારી મહાનગરપાલિકાએ પ્લાસ્ટિક વિરોધી અભિયાનને મિશન મોડમાં શરૂ કર્યું છે. પાલિકાની ટીમો શહેરના જાહેર બગીચાઓ, ફૂડ કોર્ટ્સ અને વ્યસ્ત બજારોમાં જઈ લોકોને પ્લાસ્ટિકના હાનિકારક પ્રભાવ અંગે માહિતગાર કરી રહી છે. "પ્લાસ્ટિક હટાવો, પર્યાવરણ બચાવો"ના સંદેશ સાથે નાગરિકોને માત્ર જાગૃત જ નહીં પરંતુ જવાબદાર બનવા માટે પણ પ્રેરિત કરવામાં આવી રહ્યા છે. અનેક નાગરિકો સ્વૈચ્છિક રીતે જોડાઈ પ્લાસ્ટિકનો ત્યાગ કરવાનો સંકલ્પ લઈ રહ્યા છે.

### ડાંગમાં ચૂંટણી સંદર્ભે કલેક્ટરની નોડલ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક મળી




ગિરીશ ભોયે

સાપુતારાઃ રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય ચૂંટણી-૨૦૨૬ ની જાહેરાત થતાંની સાથે જ સમગ્ર ડાંગ જિલ્લામાં આદર્શ આચારસંહિતાનો અમલ શરૂ થઈ ચૂક્યો છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી સંદર્ભે આજ રોજ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર શાલિની દુહાનના અધ્યક્ષ સ્થાને ચૂંટણીલક્ષી વિવિધ કામગીરી સંભાળતા નોડલ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં સામાન્ય ચૂંટણીઓ મુક્ત, નિષ્પક્ષ અને પારદર્શક રીતે સંપન્ન થાય તે માટે તમામ વિભાગો દ્વારા સંકલિત આયોજન સાથે સમયબદ્ધ અને જવાબદારીપૂર્ણ કામગીરી કરવા અને આદર્શ આચાર સંહિતાનો ચુસ્તપણે અમલવારી સુનિશ્ચિત કરવા ખાસ ભાર મુક્યો હતો.

### પારડીમાં પ્રોહિબિશન કેસમાં 3 વર્ષથી વોન્ટેડ ઝડપાયો



પારડી: વલસાડ એસઓજી પોલીસની ટીમને મળેલી બાતમીના આધારે દારૂના ગુનામાં છેલ્લા 3 વર્ષથી વોન્ટેડ પ્રદીપ ઉર્ફે મુકેશ શર્મા ગોકરન ત્રિપાઠી (રહે. વાપી, મૂળ દમણ)ને વાપી જીઆઇડીસી હાઇવે ચાર રસ્તા પાસેથી ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

# નવસારીમાં ગેરકાયદે ભંગારનાં ગોડાઉનોથી રહીશોના જીવ તાળવે

**તાત્કાલિક** કાર્યવાહી કરવા કલેક્ટર સમક્ષ દશેરા ટેકરીના રહીશોની માંગ



નવસારીઃ શહેરના વોર્ડ નં. 13માં દશેરા ટેકરી અને બાલાપીર દરગાહ આસપાસ ગેરકાયદે ભંગારના ગોડાઉનોની વધતી ભરમારથી લોકો ભય અને અસુરક્ષામાં જીવન જીવવા મજબૂર બન્યા છે. તંત્રની નિષ્ક્રિયતા સામે હવે રહીશો ખુલ્લેઆમ બળવો કરી જિલ્લા કલેક્ટર સુધી પહોંચી તાત્કાલિક પગલાં લેવા માંગ ઉઠાવી રહ્યા છે.

સ્થાનિકોના આક્ષેપ મુજબ, ઘરોને ગોડાઉનમાં ફેરવી દેવામાં આવ્યા છે, જ્યાં મોટા પ્રમાણમાં જ્વલનશીલ ભંગાર સંગ્રહિત કરવામાં આવે છે. સંકુચિત ગલીઓ, ઘન વસ્તી અને ગેરકાયદેસર સંગ્રહ આ ત્રિપુટી આખા વિસ્તારને "બોમ્બ જેવી સ્થિતિ"માં ધકેલી રહી છે. દરેક દિવસ લોકો માટે ભય સાથે પસાર થતો હોવાનું રહીશો કહે છે.

ગત 1 જાન્યુઆરીના રોજ થયેલી આગની ઘટના હજુ લોકોના મનમાંથી ગઈ નથી. એક ગોડાઉનમાં લાગેલી વિકરાળ આગે આખા વિસ્તારમાં હાહાકાર મચાવી દીધો હતો. રહીશોનો આક્ષેપ છે કે અનેકવાર રજૂઆત છતાં ગેરકાયદે ગોડાઉનો સામે કોઈ અસરકારક કાર્યવાહી થતી નથી, જેના કારણે લોકોમાં રોષ અને અસંતોષ સતત વધી રહ્યો છે.રહીશોએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો તાત્કાલિક ગોડાઉનો હટાવવામાં નહીં આવે તો કોઈ મોટી દુર્ઘટના અટકાવવી મુશ્કેલ બની શકે છે.


## સાપુતારા-શામગહાન હાઈવે પર બે અલગ અલગ અકસ્માત



ગિરીશ ભોયે

સાપુતારાઃ સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર આજે અકસ્માતની બે અલગ-અલગ ઘટનાઓ સામે આવી છે. પહેલી ઘટનામાં માલેગામ પાસે નિર્માણાધીન વોલમાં આઈસર ટેમ્પો ખાબક્યો હતો. અહીં હાઇવે પર સંરક્ષણ દીવાલ બનાવવાની કામગીરી ચાલી રહી છે. આ દરમ્યાન મહારાષ્ટ્રમાંથી સુરત જઈ રહેલા એક આઈસર ટેમ્પો (નં. GJ 16 AV 5164) અચાનક કાબૂ ગુમાવતા નિર્માણાધીન સંરક્ષણ વોલના ઊંડા ખાડામાં ખાબક્યો હતો. ટેમ્પો લોખંડના સળિયાના માળખામાં ફસાયો હતો. બીજી તરફ સાપુતારા નજીકનાં વળાંક પાસે અન્ય એક આઈસર ટેમ્પો (નં. GJ 03 BW 3391) પણ અકસ્માતનો ભોગ બન્યો હતો.અહી પણ ચાલકે સ્ટેયરિંગ પરનો કાબુ ગુમાવતા આ ટેમ્પો રસ્તાની બાજુમાં પલટી ખાઈ ગયો હતો.સદનસીબે, આ બંને ઘટનાઓમાં કોઈ મોટી જાનહાનિ થઈ ન હતી.

# હનુમાન જન્મોત્સવની ધૂમ: બજરંગબલી કી જય




ડેરસી બારીયા

**બીલીમોરા**, ગણદેવી, અમલસાડમાં જામ્યો ભક્તિનો મહામેળો

બીલીમોરાઃ બીલીમોરા, ગણદેવી અને અમલસાડ તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં ગુરુવારે હનુમાન જન્મોત્સવ પર્વે ભક્તિમય માહોલ સર્જાયો હતો. ચીખલી તાલુકાના સુરખાઈ, રાનકુવા, સોલધરા, સાત પીપડા, બામણવેલ, ખાંભડા અને ખૂંધ સહિતના ગામોમાં મંદિરો ભક્તોથી છલકાયા હતા. ગણદેવી તાલુકામાં બીલીમોરા સ્થિત સોમનાથ મહાદેવ મંદિર, હનુમાનજી મોહલ્લો, શિવનાથ સોસાયટી દેવસર, દેસરા રેલવે નજીક તેમજ બાલા હનુમાનજી મંદિર ખાતે વિશેષ ઉજવણી સાથે ૩૬'મો જન્મોત્સવ ઉજવાયો હતો, બીલીમોરાનાં યુવા સંત નિલેશ બાપુના સાંનિધ્યમાં બેલમ્પર ધામ ખાતે ૪૨'મો હનુમાન જન્મોત્સવ ભવ્ય રીતે ઉજવાયો હતો. સાલેજ, કોલવા, ગણદેવીના દરજી શેરી, રામજી મંદિર, કાદીપોર, પંડ્યા શેરી, કુંભારવાડ, કેનિંગ ફેક્ટરી વિસ્તાર, દેસાડ, વલોટી શનિદેવ મંદિર, લંકેશ્વર મંદિર, નાંદરખા ખટખટ ધામ, અમલસાડ, બીગરી અને કોથા સહિતના વિસ્તારોમાં ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.

### દમણના કડૈયા માછીવાડમાં 44 મા હનુમાન જન્મોત્સવની ઉજવણી



દમણઃ નાની દમણના કડૈયા માછીવાડમાં આવેલ શ્રી જય મહાવીર બજરંગબલી હનુમાનજી મંદિરમાં 44 મા જન્મોત્સવની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. મંદિરમાં વિશેષ પૂજા અર્ચના, મહાઆરતી, હવન તથા અન્ય ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. દાદાની પાલખી યાત્રા પણ કાઢવામાં આવી હતી. ભાવિક ભક્તો મંદિરમાં દાદાના દર્શનાર્થે ઉમટી પડ્યા હતાં.

### પારડી રોકડિયા હનુમાનજી મંદિરે હજારો ભક્તો ઊમટ્યા



અમૃત પટેલ

પારડીઃ પારડી હનુમાન ડુંગરીના તળેટી પર આવેલા રોકડીયા હનુમાનજી મંદિરે દર વર્ષની જેમ આ વર્ષે પણ હનુમાન જયંતિની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. હનુમાન જયંતી નિમિતે સવારથી રોકડીયા હનુમાનજી મંદિરે પૂજા-અર્ચના કરવામાં આવી હતી. 8 જોડાઓ પૂજામાં બેસતા ભૂદેવના મંત્રોચ્ચાર સાથે યજ્ઞ હવન કરાવવામાં આવ્યો હતો. આરતી બાદ બપોર અને સાંજે મહાપ્રસાદનો લાભ હજ્જારો ભક્તોએ લીધો હતો. જય ઠાકર ગ્રુપ દ્વારા છાશ વિતરણ કરવામાં આવે છે. સ્વયં સેવકો અહીં સેવા આપતા હોવાનું અમિત રાણા અને સંજય બારીયાએ જણાવ્યું હતું.



હનુમાન જન્મોત્સવ નિમિત્તે વલસાડના પારનેરા મંદિર સ્થિત હનુમાનદાદાના મંદિરે સવારથી જ મોટી સંખ્યામાં ભક્તોની ભીડ દર્શન માટે ઉમટી હતી.

## વાંસદાના ખાનપુર ગામે કાર અડફેટે બાઈકચાલક યુવાનનું મોત

વાંસદાઃ વાંસદાના ખાનપુરા ગામે વાન ચાલકે ડાંગના બાઈકસવાર યુવકને અડફેટે લેતાં તેનું મોત નીપજ્યું હતું. વઘઈ તાલુકાના બોર દહાળ ગામે રહેતો રામચંદ્ર લક્ષ્મણભાઈ ભોયે (ઉં.વ.૨૦) તેને ડ્યુક બાઈક (નં. GJ15 ED 6915) લઈ ધરમપુર ગામે બાઈકનો હપ્તો ભરવા ગયો હતો અને ત્યાંથી પરત ઘરે જવા નીકળતા વાંસદા- ધરમપુર માર્ગ પર આવેલા ખાનપુર ગામે ચાર રસ્તા પર મારુતિ વાન (નં. GJ 15 PP 5254) ના ચાલક પ્રવીણ ઝીણાભાઈ પવાર (રહે., ધોલાર રાનપાડા ફળિયું, તા. ચીખલી, જિ. નવસારી) એ અડફેટે લેતાં તેને ગંભીર ઈજા થઈ હતી. યુવકને વધુ સારવાર માટે વલસાડ સિવિલમાં લઈ ગયા હતા. જ્યાં રામચંદ્ર ભોયેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે મરનારના ભાઈ સુનિલ ભોયેએ મારુતિ વાન ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી.